## <u>મહાનુભવોના વકતવ્ય</u>

**૧૪/૩/૨૨ ધો - ૧૧ વિ.પ્ર અને કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓનોં પ્રો. પી.કે.કેશપ સાહેબ સાથે સેમિનાર યોજાયો.**

**વિષયઃ** All India Competitive Exam After 12th.
How to Score More Marks in this Exam.
જેમાં **શ્રી પી.કે.કેશપ સાહેબ** જેમણે વિદ્યાર્થીઓને એટીટયુડ એટલે શું? તેની સમજ આપી.તેમજ વિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ કેળવાય તે અંતર્ગત ચર્ચા કરી હતી.





**૧૫/૩/૨૨** ધો - ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓની સમૂહ પ્રાર્થના જેમાં **પ્રો.પી.કે.કેશપ સાહેબ** દ્વારા પ્રેરક વાર્તાલાપ યોજાયો.
વિષય: How to Built up Career at National Level.
ઉપરાંત ધોરણ – ૧૦ અને ૧૨ ના નબળા પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓ સાથે કાઉન્સેલીગ સેશન ગોઠવાયો. તેમને કેવી રીતે સારા માર્કસ લાવી શકાય તે વિશે સમજ આપી તેમજ વાંચનમાં એકાગ્રતા કેળવી સફળતા મેળવી શકાય તેની વિસ્તૃતમાં સમજૂતી આપી.

**૧૬/૩/૨૨** નારાયણ વિદ્યાલય સર્વ સ્ટાફ મિત્રો સાથે પ્રો.પી.કે.કેશપ સાહેબની મિટીગ થઇ. જેમાં
વિષય: Management & Communication Skill. જેમાં ૫ વિષય પર ચર્ચા કરી.
(૧) Attitude (2) Deep Breathing (3) Focus(4) Mind Map (5) Angry Nature

**૧૭/૩/૨૨** ધો - ૯ થી ૧૨ ના શિક્ષકોનું કાઉન્સેલીગ સેશન પ્રો.પી.કે.કેશપ સાહેબ સાથે યોજાયું.જેમાં વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ થાય તેવી મુદાસર ચર્ચા કરી.
વિષય: How to make Student Discipline and Punctual.

- વિદ્યાર્થીઓ પાસે પોઝીટીવ કેવી રીતે કાર્ય કરાવી શકાય તેમજ તેમની સાથે ઊંડાણ પૂર્વક ચર્ચા કરીને તેમને ભણવામાં ધ્યાન પ્રેરી શકાય તે માટેના સૂચનો આપ્યા.
- વેબ સીરીઝમાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે તેમનું સમયાંતરે કાઉન્સેલીગ કરવું તેમજ વાલી મિત્રો સાથે હકારાત્મક ચર્ચા કરવી.

**૬/૯/૨૨ શ્રી ગૌરવભાઇ શાહ(ભૂતપૂર્વ વિદ્યાર્થી) :** અમેરિકાના,એટલાન્ટા રાજયમાં સોલાર પ્રોડકટ બનાવતી કંપનીમાં એન્જીનીયરીગ મેનેજર છે.જેમણે જણાવ્યું કે જીવન એક સંઘર્ષ છે. જેમાં આપણે આપણા કાર્ય પર જ ફોકસ રાખવું જરૂરી છે.પોતાના જીવનના અનુભવો ને તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂકર્યા અને મોટીવેશનલ વકતવ્ય આપ્યું.તેમજ વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોની સંતોષકારક સમજૂતી આપી હતી.




## ઉચ્ચતર માધ્યમિક કોમર્સ વિભાગમાં થયેલ શાળાકીય પ્રવૃતિઓ,

### કાર્યક્રમ અને વિવિધ ઉત્સવોની ઉજવણી (વર્ષ : ૨૦૨૨-૨૩)

**૨૪/૧/૨૨** બી.એડ. સેમ – ૪ ની તાલીમાર્થી બહેનોની ઇન્ટર્નશીપ : મુનશી મહિલા બી.એડ કોલેજ, ભરૂચ દ્વારા બી.એડ. સેમ – ૪ ની તાલીમાર્થી ૬ બહેનોને નવા અભ્યાસક્રમના ભાગરૂપે પ્રાયોગિક કાર્ય અંતર્ગત ૯ અઠવાડિયા માટેની ઇન્ટર્નશીપ શાળામાં શરૂ થઈ.





**૨૫/૨/૨૨** ધો: ૧૧ અને ૧૨ ગુ.મા. અને અં.મા.ની દ્વિતીય વાલી મિટીગ નારાયણ બાપુના આશ્રમ પર યોજવામાં આવી હતી. (શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨)

**૨૬/૨/૨૨** આઝાદીનાં ૭૫માં વર્ષ નિમિતે **CBT, New Delhi** દ્વારા પ્રકાશિત થનાર April issue(Annual Number) માં દર્શાવવા માટે Struggle, Sacrifices, Sovereignty જેવા વિષયો પર ચિત્રો તૈયાર કરવાનાં હતા. જેમાં ધોરણ ૧૧ ગુ.મા. અને અં.મા.ના કુલ ૬ વિદ્યાર્થીઓ : ચૌહાણ હિરવા, રાઠોડ ક્રિશા, પટેલ મેઘા, મિસ્ત્રી કુંજલ, મહેતા ટવેશા, શાહ જહાન્વી દ્વારા તૈયાર કરેલ ચિત્રો પોસ્ટ દ્વારા મોકલવામાં આવ્યા હતાં.
કન્વીનર : ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ

**૨૮/૨/૨૨** પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર **DSC,** નવજીવન સંકુલ, ભરૂચ દ્વારા "સાયન્સ કાર્નિવલ ૨૦૨૨"નું આયોજન કરવામાં આવ્યું. ભરૂચ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે અલગ અલગ સ્પર્ધાઓ, વિજ્ઞાન મેળો અને વર્કશોપ યોજવામાં આવ્યા હતાં. તેમાં ધોરણ ૧૧ અં.મા. અને ગુ.મા. ના ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને કોમર્સ વિભાગમાંથી ત્રણ શિક્ષકોએ Poster Competition માં ભાગ લીધો હતો. આયોજકો દ્વારા સ્પર્ધકોને પ્રોત્સાહનનાં ભાગ રૂપે પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | Adarsh Anilkumar Singh | ૧૧ અં.મા. | ભાગ લીધો |
| ૨ | Meet Hiteshbhai Gajjar | ૧૧ અં.મા. | |
| ૩ | ક્રિશા વિક્રમસિંહ રાઠોડ | ૧૧ ગુ.મા. | |

| ક્રમ | શિક્ષકોનું નામ | પરિણામ |
|---|---|---|
| ૧ | પટેલ ઉન્નતિબેન હરિકૃષ્ણ | તૃતીય |
| ૨ | વાઘ સોનલબેન સંદિપ | ભાગ લીધો |
| ૩ | પટેલ રજની હિમાંશુ | |

**કન્વીનર : ધર્મિષ્ઠાબેન મેનગર, સોનલબેન વાઘ**





**૨૮/૪/૨૨** **વાલી મિટીંગ :** ધો - ૧૧ ગુ.મા. અને અં.મા.નાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા સંદર્ભે તેમજ ધો-૧૨નાં અગામી આયોજન અને માર્ગદર્શન માટે વાલી મિટીંગ યોજવામાં આવી હતી. (શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ ૨૨)

**૧૩/૬/૨૨** **શાળા પ્રવેશોત્સવ :** ધો - ૧૧ અને ૧૨ ગુ.મા. અને અં.મા.ના વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓનો શાળાનો પ્રથમ દિવસ યાદગાર રહે તે માટે તેમનું કંકુ-તિલક તેમજ મીઠુ મોં કરાવીને સ્વાગત કરવામાં આવ્યું. શાળાના આચાર્યશ્રી તેમજ શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય અંગેની માહિતી અને પ્રેરણાત્મક વકતવ્ય દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

**૧૦/૮/૨૨** **રક્ષાબંધનની ઉજવણી :** ધોરણ ૧૧ અને ૧૨ (સા.પ્ર) તથા ૧૧ (વિ.પ્ર) અં.મા, ગુ.મા. ના વિદ્યાર્થીઓએ રક્ષાબંધનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી. વિદ્યાર્થીઓએ કંકુ તિલક કરી તથા રક્ષા બાંધી અને વિદ્યાર્થીઓએ બહેનોને ચોકલેટની ભેટ આપી. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ પણ ઉત્સાહપૂર્વક રક્ષાબંધનની ઊજવણી કરી હતી.